Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ ભાદરવો

## ક્ષણ ભંગુર : દેહ, દુન્યવી સંબંધો, વિલાસ.

### પરમ પૂજ્ય આચાર્યશ્રી આત્મારામજી મહારાજ સાહેબ

(૧) ઘરવાસઉ મા જાણી જિય! દુક્કિય-વાસઉ એહુ ।
પાસુ કયંતે મંડિયઉ, અવિચલુ ણ વિ સંદેહુ ॥

હે આત્મન્! ગૃહવાસને જીવન રખે માનતો. તે તો છે પાપનું નિવાસ-સ્થાન, શંકા રહિત એ છે મૃત્યુ એ. બીછાવેલો અવિચળ ફાસલો.

(૨) વિસય – સુહા દુઈ દિવહડા પુણ દુક્ખહં પરિવાડિ ।
ભુલ્લઉ જીવ મ વાહિ તુહું અપ્પાખંધિ કુહાડિ ॥

વિષય સુખ ફક્ત બે દિવસ ટકે છે. (એ છે ચાર દિનની ચાંદની) અને પાછળ વહે છે દુઃખોની પરંપરા. હે આત્મન્! ભ્રાન્તિમાં ન રહેતો અને તારાજ કંઠ ઉપર કુહાડી ન ચલાવતો.

(૩) મૂઢા દેહ મ રજ્જિજયઇ દેહ ણ અપ્પા હોઈ ।
દેહહં ભિણ્ણઉ ણાણમઉ સો તુહું અપ્પા જોઈ ॥

અરે મૂર્ખ! દેહમાં આસક્તિ શાની રાખે છે? દેહ તારો છે જ નહિ. શરીરથી ભીન્ન અને જ્ઞાન સભર એવા તારા સ્વરૂપને નિહાળ.

(૪) વિસયા સેવિહિ જીવ તુહું દુક્ખહં સાહિકએણ ।
તેણ ણિરારિઉ પજ્જલઈ હુવવહ જેમ ઘીએણ ॥

અરે આત્મન્! જે દુઃખના દાતા છે તેવા પંચેન્દ્રિય વિલાસમાં તું રત બને છે. તેથી જ ઘીથી હોમાતા અગ્નિ જેમ તૂં સતત પ્રજ્વલિત બની રહ્યો છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૦ ]   સપ્ટેમ્બર : ૧૯૮૩   [ અંક : ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧. | પદ ૧૪ | લે. પૂ૦ યોગીરાજ આનંદઘનજી મ. સા. | ૧૮૫ |
| ૨. | આત્મજ્ઞાનની પ્રાપ્તિના ઉપાયો | લે. શ્રી સોનેજી | ૧૮૬ |
| ૩. | આરામ શોભા | વ્યા. પ. પૂ. આ. વિજયનયપ્રભસૂરિ | ૧૮૯ |
| ૪. | મહાસતી સુરસુંદરી | લે. પૂ. મુનિશ્રી દાનવિજયજી મ. સા. | ૧૯૨ |
| ૫. | પર્યુષણ પર્વમાં તપ | લે. ભી. ચી. શેઠ | ૧૯૪ |
| ૬. | સુશ્રાવકની મહેચ્છા | — | ૧૯૬ |
| ૭. | યુગદૃષ્ટા આ. શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મહારાજ સાહેબ | — | ૧૯૭ |
| ૮. | જૈન સમાચાર | — | ૧૯૯ |


## આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી વિરેન્દ્રભાઈ રતિલાલ વોરા—મુંબઈ

## મુ. વિસનગર

પરમપૂજ્ય પંન્યાસપ્રવર **ગુરૂદેવશ્રી અભયસાગરજી મ. સા.**ની અનુજ્ઞાથી વિ. સં. ૨૦૩૯ માં અસાડ સુ. ૬ શુક્રવાર તા. ૧૫-૭-૧૯૮૩ના શુભ દિવસે વિસનગરમાં ચોમાસા માટે રવીન્દ્રસાગર આદિ ઠા. ૨ મંગલ પ્રવેશ થયેલ છે. દેવગુરુ પસાયે સંઘમાં ધર્મારાધના કરણ કરાવવાનો શુભ યોગ પ્રાપ્ત થયો છે.

### — ધર્મારાધનાનું સંક્ષિપ્ત દિગ્દર્શન :—

* પ્રતિદિન પ્રાતઃ ૯॥ થી ૧૦॥ હિતોપદેશ સ્વરૂપ પ્રવચન.
* પ્રતિદિન બ્લેક બોર્ડ ઉપર વૈરાગ્ય પોષક જિનવચનનું આલેખન.
* અ. સુ. ૧૪ શનિ મગના આયંબિલથી ૮૪ પુણ્યવાનોએ શ્રી ઉપાધ્યાય પદની આરાધના કરેલ, તેમજ ૬૪ પુણ્યાત્માઓએ પોષધવ્રતની અપૂર્વ સાધના કરી, પ્રભાવનાઓ થયેલ.
* અ. વ. ૨ બુધ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વર વિરચિત શ્રી યોગશાસ્ત્ર ગ્રંથ તથા ભાવનાધિકારે શ્રી ત્રિષષ્ટિ શલકા પુરૂષ ચરિત્ર પર્વ ૧૦ શ્રી વર્ધમાનસ્વામિ ચરિત્રનું વાંચન પ્રતિદિન સવારે શ્રી સંઘ પ્રત્યેક અવસરે સોત્સાહ વિપુલ સંખ્યામાં રહી લાભ લઈ રહ્યો છે.

## મુ. લોલાણા

શ્રીસંઘ (લોલાડા)ની વિનંતીનો સ્વીકાર કરીને પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય સંઘસ્થવિર આચાર્યદેવશ્રી ૧૦૦૮ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી દાદા (બાપજી મહારાજ)ના પટ્ટાલંકાર પૂજ્યપાદ

(ટાઈટલ પેજ ૩ ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ ભાદરવો : સપ્ટેમ્બર–૧૯૮૩ [ અંક : ૧૧

## પદ ૧૪

### લે. પૂ. યોગીરાજ આનંદઘનજી મહારાજ સાહેબ

**અનુભવ તૂં હૈ હેતુ હમારો, અનુભવ. ।**
**આય ઉપાય કરી ચતુરાઈ, ઔરકો સંગ નિવારો ।। અનુભવ० (૧)**

ભાવાર્થ :—

સમતાએ અનુભવના હૃદયમાં આત્માની હું ખરી પતિવ્રતા સ્ત્રી છું એમ ઠરાવ્યું અને અનુભવે તે વાત કબૂલ કરી.

ત્યારે સમતા કહે છે, "હે અનુભવ! મારા આત્મપતિ સાથે મેળાપ કરાવવામાં તું મને પુષ્ટ હેતુ છે. તારા વિના કોઈ મને આત્મપતિ સાથે સંબંધ કરાવનાર નથી. તું અનુભવ નામને યથાર્થ ધારણ કરે છે. હે અનુભવ! તમે મારા આત્મસ્વામિની પ્રાપ્તિનો ગમે તે ઉપાય વા ગમે તે ચતુરાઈ કેળવો. માયા, મમતા, આશા, કુમતિ વગેરે અન્ય સ્ત્રીઓનો સંગ ટાળો. મારા સંબંધમાંજ આત્મા રહે એમ કળા કેળવો.

**તૃષ્ણા રાંડ ભાંડકી જાઈ, કહા ઘર કરે સવારો ।**
**શઠ, ઠગ, કપટ, કુટુંબ હી પોખે, મનમેં ક્યું ન વિચારો ।। અનુભવ (૨)**

મોહરૂપ ભાંડની દીકરી તૃષ્ણા છે, તૃષ્ણાના યોગે મારો આત્મપતિ એક ઠેકાણે કદી ઠરીને બેસતો નથી. તૃષ્ણા મારાપતિના ઘેર શું અજવાળું કરી શકનાર છે? તૃષ્ણા લુચ્ચી છે, તે ઠગ છે,

( અનુસંધાન પેજ ૧૮૮ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મજ્ઞાનની પ્રાપ્તિના ઉપાયો

લે. શ્રી સોનેજી

આ યુગમાં આધિ, વ્યાધિ, ઉપાધિએ માઝા મૂકી છે. સંસારી જીવને તેમની ત્રિવિધ નાગચૂડ ભરડો લઈ ગુંગળાવી રહી છે. છતાં લાલ મુખ, તમાચો મારીને રાખવું પડે છે. રખેને કોઈ પોતાની હાસ્યાસ્પદ સ્થિતિ જાણી જાય. પણ છાબડે ઢાંકયો સૂર્ય છૂપાયેલ રહે ખરો. કહો યા ન કહો પણ આ સ્થિતિ સહુને સુવિદિત છે કેમકે સહુ તેના ભોગ બનેલ છે.

સમયે સમયે પ્રશ્ન ઉદ્ભવે છે કે સુખ કે શાંતિ, જ્ઞાન કેવી રીતે મળે? પ્રત્યુત્તર તો એ છે કે આત્મજ્ઞાન હોય તો જ આત્મ આનંદ હોય, કેમકે તેઓ એક જ સિક્કાનાં બે પાસા છે.

આત્મજ્ઞાન પ્રાપ્તિના ત્રણ ઉપાયોઃ સદ્બોધ, સદાચાર, અને સદ્વિચાર. તેઓ છે ત્રિપાઇના ત્રણ પાયા સમાન. તેમાંનો એક તૂટે તો ત્રિપાઈ નકામી. ત્રણે સાથે હોય તો જ સફળતા. ત્રણે જાણે એકમેક—સંપૂર્ણતઃ સંલગ્ન. વિખૂટા પાડી શકાય નહિ,

**સદ્બોધ :** સમ્યક્જ્ઞાન. આત્મજ્ઞાનની ખોજ માટે તેના સ્વરૂપની વિચારણા આવશ્યક છે. નવતત્વની યથાર્થપણે જાણ હોય તો આત્માની સાચી સમજ ખીલે.

જીવ, અજીવ, પાપ, પુણ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. તેમની સાચી સમજણ પર જ્ઞાનનો પાયો રચી શકાય.

જીવ અને અજીવના ભેદનું જ્ઞાન—માનવ જીવનનું કર્તવ્ય શુ છે? તેની ઝાંખી કરાવે છે

પાપ અને પુણ્યની સમજ મળતાં કર્તવ્યની વિશેષ સમજ આવે. કષાયથી બધ થાય છે. જેવા અને જેટલા તીવ્ર કષાય કરીએ, તેવા સુક્ષ્મ કર્મ-પરમાણુ આત્માની સાથે જડાઈ જાય છે. કોઈ કાળે તેઓ ફળદાઈ બને છે.

આસ્રવનાં કારણો જાણી, તેના આચરણોથી બંધ ન થાય તે માટે સાવચેત રહેવાની આત્માને શીખ મળે છે.

આથી આત્મા સંવર આદરે છે. વ્રત-નિયમો આદિથી આત્માને સુરક્ષિત રાખવા પ્રયત્ન કરે છે કર્મના સતત વહેતાં ઝરણાં આડે પાળ બાંધે છે. સાથોસાથ જૂના કર્મો આત્માને સાધનામાંથી વંચિત ન કરે તે માટે નિર્જરાનો આશરો—આત્મા માટે અંતિમ ઉપાય છે.

આત્મલક્ષે બાર પ્રકારના તપના સમ્યક્ અનુષ્ઠાન દ્વારા સંચિત કર્મની નિર્જરા કરવાનો પુરુષાર્થ કરતાં આત્મા ક્રમિક રૂપે આગળ વધે છે, અને મોક્ષ પ્રતિ પ્રયાણ કરે છે.

**સદાચાર :**– સદાચારનું પ્રથમ સાધન મનનું શુદ્ધિકરણ અને સ્થિરીકરણ. મન ચંચળ છે. ચંચળ મનને સ્થિર કરવા ઉપર્યુક્ત જ્ઞાન સહાયક નીવડે છે. મનને કેવળ મારવાનું નથી. પણ જ્ઞાન-રૂપી શક્તિ દ્વારા તેમાં પરિવર્તન લાવી, વિવેક જ્યોતિ જગાડવાની છે. સદાચાર એટલે સાચું આચરણ. જેથી જગતના સર્વ જીવોને તેમજ પોતાને શાંતિનો અનુભવ થાય. મન પણ શાંતિ-આનંદ-સુખ ઇચ્છે છે. સદાચાર તેને તે તરફ દોરે છે. જેમ જેમ સદાચારનું સેવન વધે તેમ તેમ શાંતિ, આત્મશકિત વગેરે વૃદ્ધિ પામે. મન મજબૂત થતું જાય. સદાચાર એટલે ચારિત્ર ધર્મ. પૂર્ણ સમ્યક્ ચારિત્ર તો મુનિ પાળી શકે પણ શ્રાવક પોતાની મર્યાદામાં, શક્તિ અનુસાર મોટા પાપમાંથી મુક્તિ મેળવવાનું અવશ્ય યોજી શકે છે

**પ્રથમ :**– સાત વ્યસનોનો સદંતર ત્યાગ. શક્તિ અનુસાર વ્રત, નિયમ, વ્યવહાર ધર્મનું અવશ્ય પાલન. અર્થ-ઉપાર્જન માટે ન્યાય સંમત ઉપાયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસત્ય બોલાય નહીં તેમજ કોઇનો વિશ્વાસઘાત થાય નહીં.

સદાચારને જીવનમાં વણવા ચાર ભાવના ઉપયોગી થાય છે.

**મૈત્રીભાવ** :- જેવો હું છું તેવાજ જગતના સર્વ જીવો છે. તે ભાવને મૈત્રીભાવ દ્વારા મૂર્તિકરવાનો છે. મને જે પ્રિય કે અપ્રિય તે બધાને પ્રિય કે અપ્રિય હોઇ હોઇ શકે-તેમ સમજી બીજા પ્રત્યે આચરણ રાખનાર મૈત્રીભાવ દઢ કરી શકે છે. મને નિંદા, તિરસ્કાર અપમાન ઈત્યાદિ ગમતાં નથી તો અન્યને તે ન ગમે તે સ્વાભાવિક છે જ.

મૈત્રીભાવ દઢ કરવા અન્યના દોષ જોવાની વૃત્તિને સમૂળી ઉખેડવી પડશે. મૈત્રીભાવ બાહ્યાચાર નહીં પણ અંતરથી ઉદ્ભવ પામેલ હશે તોજ તે સાર્થક નિવડશે. અન્યના દોષ જોવાની વૃત્તિ મુમુક્ષુને શોભે નહિ.

વિદ્વાનો કહે છે કે આપણામાં કોઇના ન્યાયધીશ થવાની ક્ષમતા નથી આપણે અપૂર્ણ છીએ. તેથી અન્યને નિહાળવાની આપણી દષ્ટિ ભૂલ ભરેલી હોવાની જ મનુષ્ય સ્વભાવની વિચિત્રતા એ છે કે કોઈ વ્યક્તિ પોતાને દોષિત ગણતી નથી. દરેક પોતાની દષ્ટિએ સાચા છે.

સુક્ષ્મ રીતે માનવીનો ઉછેર, તેનું વાતાવરણ સમજ ઇત્યાદિ સહાનુભૂતિ પૂર્વક જોવામાં આવે તો તેના કાર્યનું મૂળ સમજાશે. તેની વિચાર સરણીમાં કયાં ક્ષતિ છે તે જોઈ શકાશે, આ ક્ષતિ જોઈ, તેને સહાનુભૂતિ પૂર્વક નિવારવામાં વ્યક્તિને મદદરૂપ થવામાં સાચો મૈત્રીભાવ રહેલો છે. આવો મૈત્રીભાવ મુમુક્ષુને આનંદ પ્રદ થઇ પડશે.

**કરુણા** :- જગતમાં જીવો કોઇને કોઈ દુ:ખમાં ડૂબેલા હોય છે. ધનિક, સત્તાધિશ કે અન્ય શક્તિવાળા માનવીથી આંડીને નિર્ધન ને દલિતો સહુ એક યા બીજા રૂપે દુ:ખી છે જ. બધાને સારી રીતે સાંભળવાની શક્તિ અને સમજ મુમુક્ષુએ કેળવવી પડશે. દરેક મનુષ્ય પોતાના સ્વજન ગણાતા માનવી સમક્ષ પોતાનો ભાવ વ્યક્ત કરવા ઇચ્છા ધરાવે છે, મુમુક્ષુમાં સહાનુભૂતિને સદ્ભાવ અવશ્ય રહેલો હોય છે. તે સહાનુભૂતથી સહુને સાંભળે છે અને આસપાસના મનુષ્યોના દુ:ખો જોઈ તેનું હ્રદય દ્રવે છે.

અજ્ઞાન, નિર્ધનતા, વ્યાધિ, કલહ ઇત્યાદિથી પીડાતા માનવીની સમસ્યાઓ જોઇ, વિચારી, તેના ઉપાયો ચિંતવવામાં તેને અમુક પ્રકારનો આનંદ અને શાંતિ મળે છે. કરુણા બતાવવા ધનની જરૂર ઓછી પણ સહાનુભૂતિ અને યોગ્ય સલાહની જરૂર વધુ. બીજાનાં દુ:ખદર્દો સાથે ઓતપ્રોત થનાર મુમુક્ષુ મોક્ષમાર્ગમાં સરળતાથી આગળ વધે છે.

**પ્રમોદ** :- અન્યની બઢતી, પૈસા ઇત્યાદિ દેખીને દ્વેષભાવ પેદા ન થાય તેની મુમુક્ષુએ કાળજી રાખવી જોઇએ, માનવનું અહમ્ અનેક રીતે વ્યક્ત થાય છે. અન્યને સુખી જોઇ, તેના દુર્ગુણો શોધવા આકર્ષાય છે. બીજાથી પોતે ચઢિયાતો છે તમ મનમાં સિદ્ધ કરવા મથે છે. કેટલીક વખત સદ્ગુણી કે સંત પુરુષમાં પણ એબ જોવાની વૃત્તિ ઘણામાં દેખાય છે. મુમુક્ષુએ આ સુષુપ્ત વૃત્તિથી બહુ સજાગ રહેવાની જરૂર છે. કાદવ જોનારને કાદવજ મળે. મીઠું નાર જોનારને તના આસ્વાદ મળે. દરેકમાં કાંઈક સારું અવશ્ય હોય છે. સદ્ગુણી મનુષ્યમાં કોઇ ક્ષતિ હોય તો તે સાહજિક છે. પણ આપણે તેના ન્યાયાધિશ થવાની લાયકાતવાળા નથી કે તે ક્ષતિ છે તે પુરવાર કરવા જેટલા સમર્થ નથી. કોઈની ક્ષતિ તેની શક્તિનો એક આવિર્ભાવ પણ હોય શકે. માટે કાગવૃત્તિનો ત્યાગ કરી હંસવૃત્તિ ધારણ કરી, સદ્ગુણો પારખી, સમજી તેનો સંગ કરવો જોઇએ. અન્યના સદ્ગુણોન પોતીકા કરવા માટે હંસવૃત્તિજ ફળદાયી નીવડશે.

**મધ્યસ્થતા** :- કર્મયોગે આપણને એવા મનુષ્યોનો સહવાસ થાય છે કે જે આપણને વિવિધ રીતે પજવે કે આપણને અપ્રિય હોય તેવું કરે. આપણા વિનયની કે સાલસતાની તેના ઉપર કોઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસર થાય જ નહિ. મુમુક્ષુએ આવા પ્રસંગે તે વ્યક્તિ પ્રત્યે દ્વેષ કે ક્રોધ આણ્યા બિના, તેની સમજણ પ્રત્યે કરુણા લાવી, તટસ્થતા કેળવવી જોઇએ. મુમુક્ષુની સિદ્ધાંત પરાયણતા હશે તો કાળપ્રવાહમાં એવો સમય અવશ્ય આવશે જ્યારે તેના વિરોધીઓ મિત્રો બનશેઃ મુમુક્ષુતાની કસોટીનો આ કાળ અવશ્ય સમજીને પસાર કરવા જેવો છે.

ઉપર પ્રમાણે સદાચારમાં સાત વ્યસનોનો ત્યાગ, ચારભાવનાની અંતર્ગતતા અને પાંચ અણુવ્રતોનું પાલન મુખ્ય ગણી શકાય.

**સદ્‌વિચાર** :– સામાન્ય સદાચારની શ્રેણી પરથી મુમુક્ષુ સદ્‌વિચારની શ્રેણી પર ચડી શકે છે. અનંત વિચારોની અટપટી દુનિયામાં આપણે ભમીએ છીએ. સદાચાર સેવનથી અનંત વિચારોમાં કેટલાકનો હ્રાસ થાય છે. સદ્‌વિચારની શ્રેણી પર ચડવા મુમુક્ષુએ ધ્યાનનો અભ્યાસ ખૂબ ધીરજથી અને કાળજીપૂર્વક કરવો પડશે. મુમુક્ષુને જ્યાં જવું છે તે પરમાત્માનું, તેમની પ્રતિમાનું, તેમના આદેશનું જો તે ધ્યાન ધરે નહિ અને તેમાં ઓતપ્રોત બનવાની ટેવ ન પાડે તો સંસારના વિવિધ વિચારો તેનો કેડો છોડે નહિ. સુખાસન કે પદ્માસનમાં સ્થિર થઈ, યોગ્ય સમયે પરમાત્માના સ્વરૂપમાં લીન થવાની ટેવ પાડવી જોઇએ. પ્રભુની મૂર્તિને એકી ટસે નિહાળી, તેને સ્થિર કરવાનો અભ્યાસ પરમ હિતકારી બનશે. પ્રભુની મૂર્તિમાં તેમના જીવનના પ્રસંગોમાં અને તેમના આદેશોમાં મન પરોવવાની ટેવ પાડનાર મુમુક્ષુને પરમાનંદની અવશ્ય ઝાંખી થશે. આવા ધ્યાનમાંથી આત્મજ્યોતિના ધ્યાનપર પણ આવી શકાય છે. આપણો આત્મા સ્વયં જ્યોતિરૂપ છે. જ્ઞાન, શક્તિ–ઈત્યાદિનો ભંડાર છે, તેનું અવલંબન લેતાં, દુન્યવી બાબતોને ક્ષુલ્લક ગણી, તેમને ગૌણ કરી દેવાની આદત પાડતાં, આત્મદેવ સાથે તાદાત્મ્ય અનુભવતાં, ધીમેધીમે નિર્વિકલ્પ દશા સુધી પહોંચી જવાય છે. આત્મ સુખનો અનુભવ કરાય છે.

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને, ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.

( આત્મસિદ્ધિશાસ્ત્ર )

'દિવ્યધ્વનિ'ના સૌજન્યથી.

---

( અનુસંધાન પેજ ૧૮૫નું ચાલુ )

તે કપટ કરે છે. તૃષ્ણા પોતાના કુટુંબ, ક્રોધ, માન માયા, લોભ, અજ્ઞાન આદિને પોષનારી છે. તૃષ્ણાએ મારા પતિની બૂરી હાલત્ કરી છે, તેને ગાંડા–ભ્રાન્ત કરી દીધા છે. મારાથી તે શે ખમાય ? હે અનુભવ ! તેનો તમે મનમાં કેમ વિચાર કરતા નથી ?

**કુલટા કુટિલ કુબુદ્ધિ સંગ ખેલ કે, અપની પત ક્યું હારો ?**
**આનન્દઘન સમતા ઘર આવે, બાજે જીત નગારો ॥ અનુભવ (૩)**

"હે અનુભવ ! તું મારા સ્વામીને કહે કે તમે કુલટા, કુટિલ ગતિવાળી અને કુબુદ્ધિ વાળી એવી તૃષ્ણાની સોબત કરીને આપ પોતાની પ્રતિષ્ઠાનો કેમ નાશ કરો છો ?

આનન્દનો સમૂહ જેનામાં છે એવા આનન્દઘન આત્મારૂપ સ્વામી જો મારા (સમતાના) ઘર આવે તો જીતનગારૂં વાગે. અર્થાત્ તેઓ ત્રણ લોકના નાથ બને–સકળકર્મનો ક્ષય થાય–અને તેઓ પરમાત્મસ્વરૂપ થઇ જાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 આરામ શોભા 卐

વ્યાખ્યાનકાર પ. પૂ. આચાર્યશ્રી વિજયનયપ્રભસૂરિ

સમ્યકત્વથી ભ્રષ્ટ થયેલ વ્યક્તિ તેજ ભ્રષ્ટ કહેવાય. તેને મુક્તિ મળે નહીં. દ્રવ્ય ચારિત્ર વિના માનવ મુક્તિ-નગરમાં નિવાસ પામે, પણ સમ્યકત્વ વિના પ્રાણી મોક્ષ મેળવી શકે નહીં.

હે ભવ્યાત્માઓ! જે વ્યક્તિ પોતાના હૃદય-કમળમાં સમ્યકત્વને ઉત્તમ રીતે સ્થાપે છે તે આરામ શોભાની જેમ સંસારમાંથી મુક્ત બની, અવ્યાબાધ, શાશ્વત સુખને મેળવે છે.

ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના આવા વચનો સાંભળી, આણંદ શ્રાવકે પૂછ્યું, "હે ભગવન્! આરામ શોભા કોણ હતી? સમ્યકત્વના સહારાથી તેણે શી રીતે શાશ્વત સુખ યાને સિદ્ધિ મેળવી? હે કૃપાળુ! કૃપા કરી તે આપ જણાવો. ત્યારે પ્રભુએ નીચે મુજબ કથા કહી.

ઉત્તમ હોવાના ગુમાનને ધારણ કરતો કુશાવર્ત નામે દેશ. સર્વ પ્રકારની સંપત્તિથી પરિપૂર્ણ અને સર્વમાં શ્રેષ્ઠ તેવું પલાસ નામે ગામ. યજ્ઞ-આદિમાં નિપુણ, ચારવેદનો જાણકાર, પ્રખ્યાત યજ્ઞશર્મા નામના બ્રાહ્મણનો ત્યાં નિવાસ. ધર્મમાં રત અને શીયળ ગુણથી શોભતી જ્વલનશિખા નામની તેની ભાર્યા સુંદર છીપમાંથી ઉત્પન્ન થયેલ મોતી સમાન વિદ્યુત્પ્રભા નામે તેને એક પુત્રી, રૂપ લાવણ્ય, ચતુરાઈ, વિનીતપણું ધરાવતી તે કન્યા લોકોત્તર અને અનુપમ હતી. તેના સરખી અદ્વિતીય સૌંદર્ય ધારણ કરતી બીજી કન્યા ન હતી. જ્યારે વિદ્યુત્પ્રભા આઠ વર્ષની થઇ ત્યારે કર્મયોગે તેની માતાએ વસમી વિદાય લીધી.

શિશુકાળમાં માતાનું મૃત્યુ, યુવાનીના આરંભમાં પત્નીનું અવસાન, વૃદ્ધાવસ્થામાં પુત્રની હંમેશ માટે વસમી વિદાય-ત્રણે કપરાં, વસમાં અને અસહ્ય કષ્ટો છે.

પૂર્વ કાળમાં જીવે જે જે અધ્યવસાયથી શુભ યા અશુભ કર્મ ઉપાર્જન કર્યા હોય છે તે તે ઉદયકાળે ભોગવવા પડે છે. કર્મના મર્મને ધર્મજ ભેદે છે.

માતાના મૃત્યુ બાદ વિદ્યુત્પ્રભા પ્રાતઃકાળમાં વહેલી જાગે. ઘર ને આંગણું વાળી ચોળી સાફ કરે. રસોઇ આદિ ગૃહકાર્ય પતાવી, ગાયો ચરાવવા જાય. મધ્યાહ્‌ને ગાયો સાથે ઘેર આવે. પિતાને જમાડે પછી પોતે જમે. ફરી વગડાને પંથે. સંધ્યા સમયે પાછી આવે. પિતાશ્રી સૂઇ જાય ત્યારબાદ થાકી પાકી તે નિદ્રાને વશ બને-આ તેનો નિત્યનો કાર્યક્રમ.

એક દિવસે તેણે પોતાના પિતાને નમ્ર વિનંતી કરી, "પુજ્ય પિતાશ્રી! હવે વધુ વખત ઘરના ભારને વહેવા હું અશક્ત છું. અતિભાર ઉપાડવાથી પશુ-બળદ વગેરે ખેદ પામે છે. તેથી આપ કોઈ ઉત્તમ કુળની કન્યા સાથે પાણિગ્રહણ કરો. જેથી મને આરામ અને સુખ મળે.

પોતાની પુત્રીના વચન સાંભળી, હર્ષિત થયેલ વિપ્ર બોલ્યો, "હે પુત્રી! તેં સાચું કહ્યું. અનેક ગવાક્ષોથી શોભતી આ હવેલી, ઉત્તમ પ્રકારની સ્ત્રી વિના શૂન્ય ભાસે છે." પછી તેણે એક સારા કુટુંબની કન્યા સાથે પાણિગ્રહણ કર્યું. માનવી ધારે છે કંઈક અને બને છે કંઈક. વિપ્રની નવોઢા સુખાભિલાષી અને આળસુ હતી. તે ઘરનું કોઇ કાર્ય કરે નહિ. પરિણામે વિદ્યુત્પ્રભાની આશા ધૂળધાણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈ. હવે તે વિચારતી, "મારા પૂર્વ કર્મને ધિક્કાર હો. નવી માતા પગ પર પગ ચઢાવી, દિનરાત સુખપૂર્વક બેસી રહે છે. પ્રથમ ફક્ત પિતાનું જ કાર્ય કરવું પડતું. હવે આ બીજી ઉપાધી આવી લાગી. તેમાં દોષ તો મારા કર્મનો જ. દિવસે સુખપૂર્વકના ભોજનનો અભાવ અને રાત્રે સુખપૂર્વકની નિદ્રાનો અભાવ! ભલા! લલાટે લખ્યા લેખ શી રીતે ટળે?" -આ પ્રમાણે દુઃખ સહન કરતી વિદ્યુત્પ્રભાએ દ્વાદશ વર્ષમાં પ્રવેશ કર્યો.

અરુણોદય થઈ રહ્યો છે. ગ્રામ-જનતા કામે લાગી ચૂકી છે. ત્યારે વિદ્યુત્પ્રભા ગાયો સાથે વનમાં આવી. ગાયો ચરવા લાગી ત્યારે તેણે એક ન્દ્રગ્રોધ વૃક્ષ નીચે આરામ માટે લંબાવ્યું. તે સમયે મહાકાય, શ્યામ કાંતિવાળો, ભયત્રસ્ત, લાલ નેત્રવાળો સર્પ ધીમેથી તેની પાસે આવ્યો. મનુષ્ય વાણીમાં કહ્યું "હે બાલા! ભય રહિત મારૂં એક વચન સાંભળ. હું દીર્ઘકાળથી આ વનમાં રહું છું. હમણાં કેટલાક ગારુડીઓ મને પકડવા પ્રયત્નો કરી રહ્યાં છે, એ વાત જાણતાં, હું ભયત્રસ્ત બની તારે શરણે આવ્યો છું. તે ગારુડીઓ કદાચ અત્યારે અહીં આવે અને મને પકડે તો મારી શી દશા થાય? આ વિચારે મારા કાયા કંપે છે. દુઃખના સાગરમાં મારૂં શું ન થાય? માટે તે પાપી પુરુષોથી મારૂં રક્ષણ કર. બહેન! આટલો ઉપકાર કરી મને ઋણી બનાવ.

વિદ્યુત્પ્રભા ચિંતવવા લાગી, "અશુચિ ભરપુર અને નાશવંત દેહ પરના ઉપયોગમાં ન આવે તો તેની શી કીંમત? કુદરતમાં સૂર્ય-ચન્દ્ર પ્રકાશ આપે છે—પર ઉપકાર માટે જ. વર્ષા—વર્ષે છે જનતાને અનાજ આપવા. આથીજ આ બહુ મહાન છે, પ્રશંસનીય બન્યા છે.

વિપત્તિવાળાને મદદ રૂપ બને અને શરણે આવેલાનું રક્ષણ કરે - તેવા માનવોથી પૃથ્વી શોભે છે. "હે ભાગ્યશાળી! પરોપકારના આવાં શુભ ફળ જાણી, તારા અંકમાં મને રાખી, વસ્ત્રથી ઢાંકી મારૂં રક્ષણ કર."

આથી વિદ્યુત્પ્રભા વિસ્મય પામી તેમજ વ્યાકુળ બની વિદ્યુત્ વેગે એક પ્રશંસનીય વિચાર તેની મનોભૂમિ પર ચમકી ગયો.- પૂર્વે મેં કાંઇ સત્કાર્ય કર્યું નથી, તેથી અત્યારે દુઃખ-વિપાક ભોગવું છું. અહીં પણ સત્કાર્ય કર્યા વગર જઇશ તો મારૂં ભવાન્તરમાં શું થશે?— તેથી સર્પને સત્કાર્યો, પોતાના ખોળામાં બેસાડી, વસ્ત્ર ઢાંકી દીધું. થોડા સમય બાદ ગારુડી લોકો આવ્યા. તેઓએ સર્પ બાબત છોકરીને પૃચ્છા કરી. હે બાલે! તે અહિંથી પસાર થતો સર્પ જોયો છે?" પ્રત્યુત્તરમાં બોલી, હું વસ્ત્ર ઓઢીને સૂતી હતી તેથી તે વિષે મને કશી ખબર નથી."

ત્યારે એક ગારુડીએ બીજાને કહ્યુ, "અરે ભાઈ તેણે નાગ જોયો હોય તો તે કદી અહિં ઊભી રહે? ગારુડીઓ માર્ગે પડયા ત્યારે વિદ્યુત્પ્રભાએ સર્પને કહ્યું તારા દુશ્મનો જતાં રહ્યાં છે ભાઈ મારા ખોળામાંથી બહાર આવ. તારા શત્રુઓ જતા રહ્યાં છે." આ પ્રમાણે અનેકવાર કહ્યાં છતાં, કશું પરિણામ ન આવ્યું. ત્યારે પોતે સર્પ વિષે તપાસ કરી. પણ સર્પ નજરે ન પડયો. તે વિસ્મય પામી વિચારવા લાગી. "સર્પ કયાં ગયો હશે? શું આ ઇન્દ્રજાળ હતી કે સ્વપ્ન હતું? મને શું ચિત્તવિભ્રમ થયો હતો?"

એવામાં આકાશવાણી સંભળાઇ, "હે બાળા! તારા ધૈર્યથી અને સાહસથી હું તુષ્ટમાન થયો છું. તેથી મનવાંછિત માગી લે." આ પ્રમાણે બોલતા, દિવ્ય રૂપધારી, હાર, મુકુટ અને કુંડળથી વિભુષિત એવા દેવને જોયો. ત્યારે નિર્મળ ભાવથી બાળા બોલી, "હે દેવોમાં ઉત્તમ! જો મારા પર સંતુષ્ટ હો તો તાપમાં ચરતી મારી ગાયો અને મારી તાપથી રક્ષા થાય તેમ કરો."

આ સાંભળી દેવ વિચારવા લાગ્યો, "આ બાળાની કેવી મુગ્ધતા! સાક્ષાત્ કલ્પવૃક્ષ પાસે ધતુરાના ફળની માગણી? ભલે! તારા મનોરથ પૂર્ણ થાઓ." એમ કહી દેવે તેના ઉપર નંદનવન બનાવ્યું. પછી વિપ્રસુતાને કહ્યું, "તૂ જ્યાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યાં જઈશ ત્યાં ત્યાં સર્વઋતુઓના ફળફૂલથી વિકસ્વર એવું આ ઉદ્યાન તારી સાથે આવશે. મનમોહક તેમજ અમૃત સમાન રસભરપૂર, સ્વાદિષ્ટ ફળવાળાં વૃક્ષો કલ્પવૃક્ષની જેમ તારી ઇચ્છા પરિપૂર્ણ કરશે. હે કુમારિકા ! મેરૂ પર્વત પર રહેલ જેમ દેવાંગનાઓ ક્રીડા કરે છે તેમ તું આ ઉદ્યાનમાં આનંદપૂર્વક ક્રીડા કરશે. કોઇ દિવસ કષ્ટ પડે તો મને યાદ કરજે." એમ કહી દેવ સ્વસ્થાનકે ગયો.

સંપૂર્ણ કળાએ ખીલેલ ચંદ્ર જેવા મુખવાળી વિદ્યુતપ્રભાએ ઉદ્યાનના ફળોથી ક્ષુધા સમાવી. પછી વિચારવા લાગી, "અહો એક મામૂલી ઉપકાર પણ મહામૂલો બને છે. અદ્ભૂત આનંદ આપનાર બને છે. તો જેઓ પૂર્ણ રીતે ઉપકાર કરે છે તેઓને શું પ્રાપ્ત ન થાય ?"

આ રીતે પ્રસન્ન વદનવાળી તે બાળા, દિવ્ય ઉપવન સહિત, ગાયોને લઇને સંધ્યા સમયે સ્વગૃહે આવી. તેની માતાએ ભોજન કરી લેવા કહ્યું. કન્યાએ કહ્યું, "હે માતા ! શરીરની અસ્વસ્થાને કારણે મને ભૂખ લાગી નથી" રાત્રી સુખપૂર્વકની નિદ્રાથી વીતાવી. સવારે ફરી ગાયો સાથે વન તરફ ગઈ આ રીતે તે હંમેશ વનમાં આરામની માફક ક્રીડા કરતી.

એક દિવસ તે કલ્પવૃક્ષની છાયામાં સૂતી હતી. ત્યારે પાટલીપુર નગરનો જિતશત્રુ રાજા ચતુરંગ સૈન્ય સહિત ત્યાં આવ્યો. નંદનવન શા છાયાવાળા વનને જોઇ ત્યાં જ પડાવ નાખ્યો. કલ્પવૃક્ષની છાયામાં સિંહાસન રખાવી, તે પર સ્થાન લીધું. હાથી, ઘોડા, બળદ વગેરેને વૃક્ષોના થડ સાથે બાંધવાની આજ્ઞા કરી. સૈનિકોએ શસ્ત્રો વૃક્ષ-શાખાઓ ઉપર લટકાવ્યાં. તેમના કોળાહળથી બાળા જાગી ગઈ. હણહણાટ કરતાં અશ્વો, પર્વત સમાન પડછંદ કાયાવાળા હસ્તીઓ, જોઇ તે આશ્ચર્ય પામી ચારે બાજુ જોવા લાગી. તરતજ તેણે હાથીના ભયથી નાસતી પોતાની ગાયો જોઇ. તેમને પાછી વાળવાના ઈરાદાથી, તે બાળા દોડી. તે સાથે વન પણ દોડવા લાગ્યું. પરિણામે વૃક્ષો સાથે બાંધેલ હાથી, ઘોડા વગેરે પણ દોડવા લાગ્યા. આવું કૌતુક નિહાળી, રાજા વિસ્મયપૂર્વક વિચારવા લાગ્યો. આવું આશ્ચર્ય કદી જોયું નથી. સાંભળ્યું પણ નથી. પૃથ્વીપતિના કહેવાથી પ્રધાને જોયું કે આ ઉદ્યાન કન્યા સાથે દોડતું હતું. પ્રધાને વિચાર્યું કે આ કન્યાનો મહિમા અપૂર્વ છે.

(ક્રમશઃ)


**श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् (अष्टमोऽध्यायः)**

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે પ્રાચીન પાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરુદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

**Price Rs. 2[illegible]-00** Dolar 5-00 Pound 2-10

પ્રાપ્તિસ્થાન

**શ્રી જૈન આત્માનંદસભા, ખારગેટ, ભાવનગર**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાસતી સુરસુંદરી



લેખક : પૂ. મુનિશ્રી દાનવિજયજી મ. સા.

હસ્તિનાપુરનગરના મહારાજા અમરકેતુ રાજ્ય-સભામાં મુગુટની કલગી સમા શોભતા હતા. અમાત્યો અને સામંતોના સમૂહમાં વચ્ચે બેઠેલા મહારાજાને પ્રતિહારીએ આવી નમસ્કાર કરીને કહ્યું હે રાજન્! કુશાગ્રપુરનો એક ચિત્રકાર આપને મળવા માગે છે. રાજાએ કહ્યું ભલે ખુશીથી આવવા દ્યો........

ધીમે પગલે એક તેજસ્વી ચિત્રકાર રાજ-સભામાં આવીને રાજા સન્મુખ બે હાથ જોડીને ઉભો રહ્યો, તેના મુખ પર તેજ તરી આવતું હતું. ચિત્રકાર ઘણો લાંબો કષ્ટભર્યો પ્રવાસ ખેડીને આવ્યો હતો, તેથી થાક અનુભવતો હતો. થાક અને નિરાશાની શ્યામરેખાઓ મુખ ઉપર અંકીત થઈ હતી છતાં તેના તેજમાં તે ઢંકાઈ જતી હતી. તે ચિત્રકારે રાજા અમરકેતુનું મુખ જોઈ નિરાશામાં આશાનું કિરણ પ્રગટયું. થોડા દિવસો પહેલાં મહા-રાજા સુગ્રીવ અને કીર્તિવર્ધનની સભામાં જોયેલું દૃશ્ય તેની આંખ સામુ તરી આવ્યું, ત્યાંથી તે નિરાશ બની અહીં આવ્યો હતો. તે નિરાશા હજુ મુખ ઉપર દેખાતી હતી.

હે કૃપાળુ! આપને ચિત્રકળા પ્રિય છે. માટે હું મારૂં ચિત્ર આપને બતાવવા અહીં આવ્યો છું. હે રાજન્! કળાનો ઉપાસક કળાની કિંમત જાણે છે. આપને મારૂં આ ચિત્ર જરૂર ગમશે તેવી મારી શ્રદ્ધા છે.

રાજાની આજ્ઞા થતાં જ આનંદીત થયેલો ચિત્રકાર પોતાનું તૈયાર કરેલ ચિત્ર રાજાના હાથમાં આપ્યું. ચિત્ર જોતાં જ રાજાના અંગે-અંગમાં ઝણઝણાટી વ્યાપી ગઈ ચિત્રપટ પર અંકિત કરેલી સુંદરીની મુખાકૃતિ અને હાવભાવ પર જાણે સાક્ષાત્ સ્વરૂપ હોય તેવો અનુભવ થયો. પણ બીજી જ ક્ષણે રાજાએ પોતાની સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી અને કલ્પનાના સાગરમાં ડુબી ગયો. અને વિચારવા લાગ્યો કે આ ચિત્ર એ કાલ્પનિક ચિત્ર છે કે વાસ્તવિક હશે? તેમ વિચારતાં વિચારતા આ ચિત્ર પરત ચિત્રકારના હાથમાં આપવા પોતાનો હાથ લંબાવ્યો. રાજાના મુખ પર રહેલા ભાવોનો પ્રત્યુત્તર આપતા ચિત્રકારે કહ્યું રાજન! આપે જે ચિત્ર નિહાળ્યું છે તે ખરેખર ચિત્ર નહિ પણ આ પૃથ્વીતટ પર સશરીરી જીવંત આકૃતિ વિદ્યમાન છે

ચિત્રકારની વાત સાંભળીને ઉત્સાહિત બનેલા રાજાએ ફરી તે ચિત્ર ધારી ધારીને જોયું. ક્ષણવાર આંખો મીંચાઇ ગઇ રાજા કોઇ જુદી જ દુનિયામાં ખોવાઈ ગયો. પૂર્વના સંસ્મરણોની પ્રકર્ષમાં મુર્છિત થઇ સિંહાસન પરથી નીચે ઢળી પડયા. સભામાં બેઠેલા સભ્યો અને સામંતોના શ્વાસ અદ્ધર થઇ ગયાં તેઓ દોડતા રાજા પાસે આવ્યાં. વિવિધ ઉપચારો કરવા લાગી ગયાં. સહુ કોઇ રાજસભામાં ભયભીત બની ગયાં. એક માત્ર ચિત્રકાર ચિત્રસેન નિર્ભય-તાથી મુખ પર આછું હાસ્ય રેલાવતો ઉભો છે. કેટલાક ચિત્રકારને ઘૃણાની દષ્ટિએ નિહાળવા લાગ્યાં. અને બોલવા લાગ્યાં કે આ ચિત્રકારના જ કારસ્તાન છે. તેને રાજસેવકોએ જકડીને બાંધીને એક બાજુ બેસાડી દીધો. રાજા પર અનેક ઉપચારો શરૂ થયા. ઘડી બે ઘડી વ્યતિત થતા રાજાએ આંખો ખોલી સહુના જીવમાં જીવ આવ્યો. રાજા બેઠો થયો. તેણે તો જાણે એક સુમધુર સ્વપ્ન નિહાળ્યું હોય તેમ જાગૃત થયો, આનંદીત થયો. તેની દષ્ટિ ચિત્રકાર ઉપર પડી, તેને બંધનમાં જોઈ રાજાએ સેવકોને કહ્યું આ ચિત્રકારને કોણે બંધનમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાખ્યો છે છોડી મૂકો તેને, સેવકોએ ચિત્રકારને છોડી મૂકયો. ચિત્રકાર રાજા પાસે આવીને નતમસ્તક બે હાથ જોડી આછુ સ્મિત કરી ઉભો રહ્યો. રાજાએ કહ્યું, હે ચિત્રસેન! તારા ચિત્રમાં કોઇ અજબ કળા ભરી છે, તે ચિત્રના પ્રભાવે જ હું મૂર્છા પામ્યો હતો. તે ચિત્રમાં જરૂર કોઈ સંકેત સમાયેલો છે. તું કોણ છે! કયાંથી આવ છે. અને કયા હેતુથી આ ચિત્ર લઈને પર્યટન કરે છે?

હે નામવર! ક્ષમા કરજો....હું એક સામાન્ય કલાનો ઉપાશક છું. કુશાગ્રપુર મારી જન્મભૂમિ છે. અમારા રાજા ધનાવહે અસાર એવા સંસારનો ત્યાગ કર્યો ત્યારે રાજ્યનું સુકાન નરવાહનને માથે મૂકી એ નરવાહનની વ્હાલી બહેન કમલાવતી. તે મારા પિતા પાસે અભ્યાસ કરે છે. તેનુ આ ચિત્ર લઈ હું દેશ-દેશાવરમાં ફરું છું.

રાજન્! અમારા રાજ્યમાં એક નિમિત્તજ્ઞ આવ્યા હતા. તેમનો અભિપ્રાય લેતા તેઓએ પોતાના જ્ઞાન શક્તિ દ્વારા જણાવ્યું કે, આ કુંવરી કમલાવતીનું ચિત્ર તૈયાર કરાવી દેશ-દેશાવરના રાજાઓને જોવા મોકલો અને જે આ ચિત્ર જોઈ મુર્છા પામે તે જ રાજા કમલાવતીનો ભરથાર થશે. ઘણા ગામ-નગરોથી ફરતો ફરતો અહીં આવ્યો અને આજે એ કાર્ય સિદ્ધ થયું છે. અને એ નિમિત્તજ્ઞનું કથન સત્ય નીવડયું છે.

હે રાજન! ભાગ્યવિધાતાએ રૂપરૂપના અંબાર સમી દેવાંગના સદૃશ કમલાવતી આપના ભાગ્ય માટે જ સર્જી છે. ચિત્રકારની વાત સાંભળી રાજા અમરકેતુના હયામા આનંદ સમાતો નથી.

(ક્રમશઃ)


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** (પૃષ્ઠ સંખ્યા-૨૨૪) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨** જો (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપીઆ પાંત્રીશ.
તો બન્ને ભાગો એકી સાથે મંગાવી લેવા વિનંતી છે.

:- સ્થળ -:
**શ્રી જૈન આત્માનંદ સભા**
ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ પર્વમાં તપ

લે. ભી. ગી. શેઠ

આ પર્વમાં તપનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. તે ઉપયુક્ત પણ છે. બાહ્યાભ્યંતર તપના પ્રકારના બળથી, સ્વરૂપમાં વિશ્રામ કરવો, સ્વરૂપમાં રમવું, સ્વરૂપમાં ચરવું, સર્વપ્રકારના તરંગોનો અભાવ કરવો—અર્થાત્ પરભાવ અને પરપદાર્થોની ઇચ્છાનો અભાવ કરવો અને ચૈતન્યમાં પ્રતપન કરવું તે તપ છે.

તે તપના બળથી, ક્રોધાદિ શત્રુઓથી જેનો પ્રતાપ ખંડાય નહિ, હીણો થાય નહિ, એવા આત્માનું નિજસ્વરૂપમાં તપવું અર્થાત્ સ્વરૂપમાં રહીને દેદીપ્યમાન થવું. અને અલૌકિક આત્મ-વિજય પ્રાપ્ત કરવો તેને સર્વજ્ઞ ભગવંતોએ તપ કહ્યું છે.

આવા પ્રકારનાં તપમાં પ્રવર્તતા અંતરંગ પરિણામોની શુદ્ધિ થાય છે અને આત્મ ઉપયોગ શુદ્ધ બને છે.

પર્યુષણ પર્વમાં જે ધર્માનુષ્ઠાન કરવામાં આવે તેમાં નિઃશલ્યતા હોવી જોઇએ. તત્વાર્થ સૂત્ર અધ્યાય ૭ માં પ. પૂ. શ્રી ઉમાસ્વામીએ પ્રરૂપ્યું છે કે

"નિઃશલ્યો વ્રતી"

એટલે કે વ્રતી ત્રણ શલ્ય રહિત હોય.

૧. માયા ૨. મિથ્યાત્વ ૩. નિદાન.

વ્રત હોવા છતાં, હૃદયમાં કપટભાવ કે કુટિલતા હોય તે માયા શલ્ય છે,

દ્રવ્યનો જે સ્વભાવ છે તેથી વિપરીત માનવું એટલે કે દ્રવ્ય જેમ છે તેમ ન માનવું. અને જેમ નથી તેમ માનવું તથા અમૂર્તિક અસંખ્ય પ્રદેશી, પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક અનાદિ નિધન વસ્તુ ચૈતન્ય ચમત્કાર છે તેજ હું છું, મારૂં જ સ્વરૂપ છે એવું જેને ભાન નથી તથા શરીરાદિ, પુત્રકલત્રાદિ તે સઘળાં મારાં છે એવું માનવું તે મિથ્યાત્વ શલ્ય છે.

વર્તમાનમાં વ્રત, નિયમ, બ્રહ્મચર્યાદિનું પાલન કરીને તેનાથી પરભવમાં મને દેવલોક મળે, સુખ મળે એવી પુણ્યસુખની અભિલાષાયુક્ત વ્રતાદિ થાય તો તે નિદાનશલ્ય છે.

દેવલોક મળે એવી ભાવનાથી તો તેણે સંસારનો જ આદર કર્યો, કારણ કે દેવલોક પણ સંસારજ છે.

તેથી કોઈ પણ અનુષ્ઠાન કરતાં, સંસારના સુખની ઇચ્છા ન રાખતાં આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિની એક માત્ર ભાવના રાખીને યથાશક્તિ આત્માની આરાધના કરવી જોઇએ. જેથી આત્માને મોક્ષ સંપ્રાપ્ત થાય.

માટે આ ત્રણે શલ્યનો ત્યાગ કરવો જોઇએ.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુશ્રાવકની મહેચ્છા

ભવ્ય-આત્મા મોક્ષાભિલાષી હોય જ. પણ મુક્તિ મળે તે પહેલાં તે શું ઇચ્છે?

સુખ વિલાસના સાધનો?—નહીં. ભોગોપભોગ? નહીં.

જૈનધર્મથી વિયુક્ત ચક્રવર્તીપણું પણ નહીં.

જૈન ધર્મ વડે વાસિત દાસ-સેવકપણું પણ રાજસત્તા, રાજવૈભવ, ધનવૈભવ કરતાં અનેકગણું સારું. ભવ્ય-આત્મા ઇચ્છે શ્રાવક-કુળમાં જન્મ; કેમકે ત્યાં હોય સદાચાર, ધર્મશ્રદ્ધા, પાંચ મહાવ્રતની જાણકારી, તીર્થંકર ભક્તિ, સુગુરુની સમજણ અને તેમની વૈયાવચ્ચ.

સુદર્શન શેઠ પૂર્વભવમાં કોણ હતો? શેના બળે શ્રેષ્ઠીને ત્યાં જન્મ થયો? શેના જાપથી ઋદ્ધિ, સુકુળ વગેરે પ્રાપ્ત થયા?

× × ×

અંગ દેશની શૃંગારભૂત ચંપા નામે નગરી. સંપત્તિનો પાર નહીં. રાજા દધિવાહનનું પ્રતિપાલન. શત્રુઓ તેના નામથી નાસે. પરિણામે શાંતિ, સુખ, સલામતીના પૂરનું પ્રક્ષાલન નગરી મહાણે. ભયથી કંપ ક્યાંય નજરે ન પડે. કંપ દેખાય તો માત્ર ધ્વજામાં.

રતિના ગર્વનો નાશ કરવાને સમર્થ અભયા નામે રાજાની પટરાણી.

ત્યાં વસે જૈન શાસનની ઉપાસનામાં તત્પર ધનિક શ્રેષ્ઠી ઋષભદાસ. પવિત્ર અને ધર્મકાર્યમાં સાથ આપનારી અર્હદ્દાસી નામે તેમની પત્ની. નામે તેમજ કર્મે સુભગ નામનો વફાદાર સેવક. ભેંસો ચરાવવાનું તેનું કામ. સરળ સ્વભાવી, શ્રદ્ધાવાન અને નિષ્કપટી એવા સુભગનું કામ સહુને ગમે.

માઘ માસનો સમય. સુભગની ભેંસો આનંદથી ચરે. ઠંડીનું જોર પણ સારું. અચાનક સુભગની નજર મહારાજ પર પડી.

સલુણી સંધ્યા વિધવિધ રંગોળી પૂરી ચાલી ગઇ સુભગને વિચાર આવ્યો, "આવી ઠંડી રાત્રિ મુનિ મહારાજ કેવી રીતે વીતાવશે?"

સરળતા, ઋજુતા મુનિભગવંત પ્રત્યે ભક્તિભાવ પ્રકટાવી રહી હતી. આ સ્થિતિમાં તે ભેંસો સાથે ઘેર આવ્યો.

પ્રભાત થયું, ફરી ભેંસો લઇ વનપ્રદેશમાં આવ્યો. ત્યાં કંદર્પનું દમન કરે એવા મહાસ્વરૂપવાન્ મુનિનું દર્શન થયું. આનંદ પૂર્વક વંદન કર્યું. સૂર્યનો ઉદય થતાં જ 'નમો અરિહંતાણં' બોલતા મુનિ કાયોત્સર્ગ પારીને આકાશમાં ઉત્પતી ગયા. સુભગને ખાત્રી થઇ કે આ અક્ષરોજ આકાશગામિની વિદ્યા છે. અંતઃકરણમાં ભાવપૂર્વક ધાર્યા. સૂતાં, બેસતાં, જતાં, આવતાં હંમેશ તે વાક્ય સુભગ સંભાર્યા કરે.

એક વખત શેઠે પૂછ્યું, "હે વત્સ! તું વારંવર શો જાપ કરે છે?"

સુભગે કહ્યું, "શેઠજી! મુનિ પાસેથી ગગનગામિની વિદ્યા સાંભળી છે—તે સંભાર્યા કરૂં છું." શેઠે તમામ વિગત જાણી. પછી કહ્યું, "હે સુભગ! તે વિદ્યા તો સર્વઇચ્છિત આપનારી છે. બધા જાપમાં તે ઉત્તમ જાપ છે." પછી સુભગને આખો નમસ્કાર મંત્ર શિખવ્યો. જોયું—શ્રાવકના સાનિધ્યનું ફળ?" હર્ષિત બનેલ સુભગ, નિર્મળ મનથી પરાવૃત્તિ કરવા લાગ્યો. આ રીતે પોતાના દાસપણાને સાર્થક કરતો સુભગ દિવસો વીતાવતો.

એવામાં વર્ષાઋતુનું આગમન થયું. સુભગ નિર્ભયપણે ભેંસો સાથે નગર બહાર નીકળ્યો, તે સમયે પૃથ્વી ઉપર ભેંસો અને આકાશમાં મેઘઘટા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક સ્વરૂપવાળી થઈ હતી. વનમાં ઉન્મત્ત ભેંસો નદીના સામે કાંઠેના પારકા ખેતરમા પેઠી, તેમને પાછી વાળવા, સુભગે નદીના જળમાં પડતું મૂકયું ત્યાં પાણીમાં રહેલ ખીલો તેના પગને વીંધી ગયો. મર્મભેદથી નમસ્કાર, મંત્રને સંભારતો સુભગ તત્કાળ મૃત્યુ પામ્યો. પણ અંત–અવસ્થામાં તેનું ચિત્ત નમસ્કાર મંત્ર ઉપર દઢ રાગવાળું હતું. પરિણામે ઋષભદાસ શેઠને ઘેર અર્હંદ્દાસીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો.

જુઓ, શુદ્ધ સંસ્કારના અને શ્રાવકકુળના સંસર્ગના ઉત્તમ ફળ!

ગર્ભસ્થિતિ પૂર્ણ થયે, દર્શન માત્રથી ચંદ્રની જેમ સર્વને સુખ આપનાર પુત્ર પ્રસવ્યો. માત-પિતા એ નામ રાખ્યું **'સુદર્શન'** શીલ સાચવવા, ગમે તેટલા ઉપસર્ગો આવ્યા છતાં ડગ્યા નહિ. કપિલા અને અભયા અને દેવદત્તાની કુ–રીતિ–નીતિને થાપ આપી શીલનો મહિમા જગતભરમા પ્રસિદ્ધ કર્યો. વ્યંતરી થયેલ અભયાએ મુનિપણામાં રહેલ સુદર્શન મુનિને અનેક ઉપસર્ગ કર્યા, છતાં અડગ રહી ધ્યાનરૂપ અનલમાં કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

"ચરિતાવળી"

---

## ચિંતન કણિકાઓ

કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગ્રત થતાં શમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય
હોય મુમુક્ષુ ઘટ વિષે, તેહ સદા સદાય સુજાગ્ય.


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**
ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.




For Private And Personal Use Only

# યુગદ્રષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ સા.

જગતમાં મહાપુરૂષોનું કર્તવ્ય માત્ર પોતાનું જ નહિ પણ બીજાનું કલ્યાણ પણ કરવાનું હોય છે. જીવનને કલ્યાણ માર્ગે વાળવાનું એમનું ધ્યેય હોય છે. અને એ ધ્યેયની પૂર્તિ માટે જ તેઓ સતત કાર્યશીલ રહે છે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી એક એવા મહાપુરૂષ હતા જેમણે જૈન સમાજને ધર્મમાર્ગે વાળવામાં અને સમાજનો સર્વાંગી ઉત્કર્ષ સાધવામાં પોતાના જીવનના પળેપળ ખર્ચી હતી એમનું જીવન અનેક વ્યક્તિઓ માટે માર્ગદર્શક દીવાદાંડીરૂપ બન્યું હતું. ગુજરાત, સૌરાષ્ટ્ર, મેવાડ, મારવાડ, અને વિશેષરૂપે પંજાબમાં પગપાળા સફર કરી તેમણે ઠેર ઠેર શિક્ષણ સંસ્થાઓ ઉભી કરી, સંગઠન સાધવા ઉપદેશ આપ્યો. મતમતાંતરો છોડીને જૈન સમાજને એક થવાની પ્રેરણા આપી અને જ્ઞાનની જવલંત જ્યોત પ્રગટાવી. એમણે અંધકારમય જીવનમાં જ્યોતિ પ્રસારી નૂતન વાતાવરણ પેદા કરવામાં પોતાના અખુટ શક્તિને ખર્ચી નાખી હતી.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો જન્મ વડોદરામાં વિ સ. ૧૯૨૭ની કાર્તક સુદ બીજને દિવસે થયો હતો. એમના પિત્રા શ્રી દિપચંદભાઈ અને માતા ઈચ્છાબાઈનું જીવન ધર્મપરાયણ હતુ એટલે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીમાં પણ બાળપણથી જ ધર્મસંસ્કાર પડયા હતા. શિશુ અવસ્થામાં બાળકનું નામ છગનલાલ રાખવામાં આવ્યું હતું. છગનલાલને માતા પિતાની સ્નેહમય શીતલ છાયા લાંબો સમય મળી નહીં, નાનપણમાં જ એમણે પ્રથમ પિતા અને પછી માતાનો આધાર ગુમાવ્યો. માતાના અંતિમ ઘડીએ છગનલાલે એની પાસે જઇને પૂછયુ કે આ સંસારમા કોને સહારે તું મને છોડીને જઇ રહી છે? ત્યારે ધર્મપરસ્ત માતાએ જરાયે અચકાયા વિના પોતાના પ્યારા પુત્રને જવાબ આપ્યો કે અર્હંતનું શરણ સ્વીકારજે. માતાના આ શબ્દોએ બાળકને એના ભાવિ જીવનની દિશા બતાવી દીધી. ભવિષ્યમાં આ બાળકે માતાના અંતિમ વચનને એનામાં જે બીજારોપણ કર્યું હતું એને સંવર્ધિત, પલ્લવિત કરીને પોતાના જીવનને જૈન શાસનની સેવામાં સમર્પિત કરી દીધું,

છગનલાલે નાનપણથી આત્મકલ્યાણની લગની લાગી હતી. એવામાં પંદર વર્ષની ઉંમરે એક મહાન ક્રાન્તિકારી જૈન મુનિના વ્યાખ્યાનરૂપ અમૃતનું પાન કરવાનો એમને અવસર મળ્યો. એમના એક એક શબ્દે એના હૃદયમાં આસન જમાવી દીધું. જૈન મુનિની જાદુભરી વાણીએ છગનલાલ એટલા બધા જકડાઇ રહ્યા કે વ્યાખ્યાન પુરૂં થતાં આખો હોલ ખાલી થઈ ગયો ત્યારે તે ત્યાં જ બેઠા રહ્યા. ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજે આ કિશોરને જોયો એમને થયું કે કોઈ દુઃખી ભાવનાવાન યુવાન પોતાના કોઇ અભાવની પૂર્તિ કરાવી આપવાનું કહેવા માટે બેઠો લાગે છે. પરંતુ જ્યારે એ નવયુવકે ગંભીરતાથી કહ્યું કે, એને તો આત્મકલ્યાણરૂપી ધનની આવશ્યકતા છે ત્યારે દીર્ઘદ્રષ્ટિવાળા મહાત્મા તરત જ પામી ગયા કે આ નવયુવકના અંતકરણમાં સાચા વૈરાગ્યની જ્યોત પ્રકાશે છે જેનાં સોનેરી કિરણો સમાજ, દેશ અને દુનિયાનું હિત કરશે.

છેવટે અનેક અવરોધો પાર કરીને છગનલાલે ગુરૂ આત્મારામજી મહારાજ પાસે વિ. સં.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯૪૪માં રાધનપુરમાં દીક્ષા લીધી, એમને વલ્લભવિજય નામ આપવામાં આવ્યું અને મુનિશ્રી હર્ષવિજયજી એમના ગુરૂ બન્યા.

દીક્ષા લીધા પછી તરત જ તેઓ શાસ્ત્રોના અભ્યાસમાં લાગી ગયા ભગીરથ પરિશ્રમ, નૈષ્ઠિક વિનય અને તન્મયતાથી એમણે શાસ્ત્રોનું અધ્યયન કર્યું. વિ. સં. ૧૯૫૩માં આચાર્ય શ્રી આત્મારામજીનો સ્વર્ગવાસ થયો. એમણે અંતિમ સમયે મુનિશ્રી વિજયવલ્લભને પજાબમાં જૈન શાસનના સંરક્ષણ અને સવર્ધનના કામમાં લાગી રહેવાનું તેમજ પંજાબની સંભાળ લેવાનું સોંપ્યું હતું, એ શિક્ષણ પ્રચાર માટે ઠેરઠેર સરસ્વતી મંદિરોની સ્થાપના કરાવવામાં સહાયક થવાનો આદેશ પણ ગુરૂવર્યે આપ્યો હતો.

ગુરૂદેવના આ આદેશને શિરોધાર્ય કરીને મુનિશ્રી વિજયવલ્લભજી પોતાના નિર્ધારેલા કાર્ય-ક્ષેત્રમાં કૂદી પડયા. એમણે ભારતના જુદા જુદા પ્રાન્તોની પદયાત્રા કરી અને સત્ય અને અહિંસાની જ્યોતિનાં દર્શન લોકોને કરાવ્યા. જૈન ધર્મ અને જૈન સંઘ પર થતા પ્રહારોથી એની રક્ષા કરી દેશમાં ઠેર ઠેર શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરવા માટે પ્રેરણા આપી. સને ૧૯૪૭માં દેશના ભાગલાં થતાં પંજાબમાં જે હત્યાકાંડ થયો એમાંથી જૈન સંઘને સાંગોપાંગ બહાર લાવવાનું કામ પણ એમણે નિર્ભયતાથી કર્યું. થોડાક સમયમાં જ તેઓ પોતાની સેવા ભાવનાથી સંઘના હૃદયસમ્રાટ બની ગયા અને સંઘે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરવા માટે લાહોરમાં એમને વિ. સં. ૧૯૮૧માં "આચાર્ય"ની પદવીથી વિભૂષિત કર્યા.

આચાર્યશ્રીએ તપ અને વૈરાગ્યની આરાધનાની સાથો સાથ સમાજના ઉત્કર્ષ માટે ઉપયોગી, લાભકારક, રચનાત્મક પ્રવૃત્તિઓ પણ કરી હતી એમણે ઠેરઠેર શિક્ષણ સસ્થાઓની સ્થાપના કરાવવા ઉપરાંત નવા મદિરોનું નિર્માણ, જીર્ણોદ્ધાર તેમજ સાહિત્ય પ્રકાશન પર પણ ધ્યાન આપ્યું હતું. એક વિશેષ કામ એમણે પીડિત મધ્યમવર્ગના ઉત્કર્ષનું અસહાય વિધવાઓને અને બેકારોને મદદ આપવાનું કર્યું હતું.

આચાર્યશ્રીએ વસ્તુતઃ પોતાના ૮૪ વર્ષના જીવનકાર્ય દરમિયાન આત્મકલ્યાણની સાથો સાથ જૈન સમાજના ઉત્કર્ષ માટે અનોખુ કામ કર્યું હતું. જૈન શાસનને ઉન્નતિના અનેક માર્ગો બતાવ્યા હતા અનેકવિધ સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા આપી જૈન સમાજને આગળ લઇ જવાનું અતિ મહત્વનું કામ કર્યું હતું. અંત સુધી તેઓ આ કામમાં રત રહ્યા હતા. વૃદ્ધાવસ્થા પણ એમને પરાજિત કરી શકી નહોતી છેવટે વિ. સં. ૨૦૧૧માં મુંબઇમાં નવકાર મંત્રનો જાપ કરતાં એમણે પોતાના ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને અમરત્વ પ્રાપ્ત કર્યું.

ગુણાનુવાદની સભા
શનીવાર તા. ૧-૧૦-૮૩ સવારે ૯/૧૫ કલાકે
સ્થળ શ્રી ગોડીજી ઉપાશ્રય મુંબઈ

રવિવાર તા. ૨-૧૦-૧૯૮૩ના શ્રી ગોડીજી દેરાસર, વિજય વલ્લભચોકથી શોભાયાત્રામાં નીકળીને ભાયખાલા સમાધી મદીર જશે પછી ૯/૩૦ કલાકે ભાયખાલાના રંગમંડપમાં જાહેરસભા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગર નૂતન ઉપાશ્રયે પૂજ્યપાદશ્રીની શુભ નિશ્રામાં અનુમોદનીય શાસનપ્રભાવના

પરમ પૂ૦ આ. ભ. **શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી** મ. સા. આદિનો જેઠ વદ ૧૧નાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ. શહેરના માર્ગો તથા બજારો કમાનો, ધજા-પતાકા તથા બોર્ડો દ્વારા શણગારેલ, અનેક ગહૂંલીઓ અને પ્રવચન બાદ સંઘપૂજા. પ્રવેશ નિમિત્તે આયંબિલ અને રૂા. ૧/- ની પ્રભાવના. પૂજ્યપાદશ્રીના વરદ હસ્તે નાણ માંડવાપૂર્વક પૂ૦ મુનિશ્રી દાનવિજયજી મ. સા. તથા પૂ૦ મુનિશ્રી સિંહસેનવિજયજી મ.ને પંચમાંગ શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહનમાં મંગલ પ્રવેશ. પ્રવચન બાદ સંઘપૂજા-પ્રભાવનાદિ થયેલ. ચૌમાસી ચૌદશના ૫૧ પૌષધવાળા દરેકને રૂા. ૫/- ની પ્રભાવના. અદ્યાવધિ લગભગ ૧૦ સંઘપૂજન થયેલ. પૂજ્યપાદ આચાર્યભગવંતશ્રી દરરોજ સુંદર શૈલીમાં **શ્રી સૂયડાંગસૂત્રની** આગમ-વાચના ફરમાવે છે. પૂ૦ સાધુ-સાધ્વીજી મ. તથા ભાવુકો સારો લાભ લે છે.

દરરોજ-(૧) પૂ૦ ગણિ. શ્રી ઇન્દ્રસેનવિજયજી મ. સા. **આત્મપ્રબોધ** તથા ભાવનાધિકારે શ્રી સમરાદિત્યકેવળી ચરિત્રનું વાંચન વિશદ શૈલીમાં કરે છે. તેમજ દર રવિવારે વિવિધઃ વિષયો ઉપર બપોરના જાહેર વ્યાખ્યાન આપે છે. શ્રોતાજનો ઉલટભેર સારી સંખ્યામાં લાભ લે છે. (૨) પ્રતિક્રમણમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ૭૫ ભાવુકો દરરોજ લાભ લે છે. અને ૨૫ ન. પૈસાની પ્રભાવના થાય છે. (૩) જુદા જુદા ભાવુકો તરફથી ગહૂંલી દરરોજ થાય છે. (૪) સળંગ અઠ્ઠમ તપ ચાલુ છે. અને તેમનું રૂા. ૧૧, શ્રીફળ અને ૫૦૦ ગ્રામ સાકર આપવા દ્વારા ભાવભીનું બહુમાન થાય છે. અમદાવાદ-પાંજરાપોળથી ભાવુકો સારી સંખ્યામાં વંદનાર્થે પધારેલ અને સંઘપૂજા કરેલ.

અષાડ વદ ૮ના અરિહંત ભ૦ના ૧૨ાા હજાર જાપપૂર્વક ખાટીનીવીમાં ૩૭૫ થયેલ દરેકને રૂા. ૧-૧ પ્રભાવના અષાડવદ ૧૪ના શ્રી સિદ્ધચક્ર ભ૦ના ૩૩૫ આયંબિલ દરેકને રૂા. ૧-૧ની પ્રભાવના પૂજ્યપાદશ્રીના આજ્ઞાથી પૂ૦ મુનિશ્રી હિતવર્ધનવિજયજી મ૦ સા૦ તથા પૂ૦ મુનિશ્રી હિરણ્યસેનવિજયજી મ૦ સા૦ હાલ શાસ્ત્રીનગર ચાતુર્માસની આરાધના સુંદર અને અનુમોદનીય કરાવી રહેલ છે. વિવિધ તપશ્ચર્યાદિ પણ ચાલુ છે.

શ્રા. સુ. ૩-૪-૫ના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ૦ના અઠ્ઠમતપની સામુદાયિક આરાધના કરાવેલ તેના અતરવાયણા શેઠ વનમાળી ગોરધન, સલોત જાદવજી અંદરજી, શેઠ ગીરધરલાલ વેલચંદ તરફથી થયેલ ને તેના પારણા શેઠશ્રી જે કે ભાવસાર તરફથી થયેલ રૂા. ૧૯/ની પ્રભાવના થયેલ હતી શ્રા. સુ. ૧૨ રવિના રોજ પંચપરમેષ્ઠીના ઉપવાસ કરાવેલ હતા શ્રા. વ. ૫ રવિના રોજ અરીહંતપદની આરાધના કરાવેલ હતી. ખીરના એકાસણા થયેલ ને તેનો લાભ શેઠ પ્રેમચંદ છગનલાલ હઃ હર્ષદભાઈએ તથા એકભાઇએ લીધેલ હતો. પ્રભાવના થયેલ પર્વાધિરાજ પજુસણા મહાપર્વની આરાધના ઘણી જ અનુમોદનીય થયેલ હતી આઠે દિવસ વ્યાખ્યાનમાં પ્રતિક્રમણમાં જુદા જુદા ભાઇઓ તરફની પ્રભાવના થયેલ કલ્પસૂત્ર તથા બારસાસૂત્રની ઉછામણી ઘણી જ સારી રીતે થયેલ હતી સંવત્સરિક પ્રતિક્રમણમાં શ્રીફળની તથા રૂા ૧) ની પ્રભાવના થયેલ હતી પર્યુસણ મહાપર્વમાં થયેલ તપસ્યાની અનુમોદના નીમીતે ભાદરવા વદ ૬થી ૧૧ સુધીનો પંચાહ્નિકા મહોત્સવ થનાર છે. ભાદરવા વદ ૧૧ના રોજ ભક્તામર મહાપૂજન ભણાવવામાં આવશે. વ્યાખ્યાન વાણી રોજ ચાલે છે શ્રોતાઓ સારો લાભ લે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાવનગર ગોડીજી જૈન ઉપાશ્રય

પ૦ પૂ૦ આચાર્યદેવ વિ૦ નયપ્રભસૂરિ મ૦સા૦ પૂ૦ ગણીયશોદેવ વિ. મ૦ મુ. લબ્ધિવિજય. બાલમુનિજયપ્રભ વિ. મ. આદિ ગોડીજી જૈન દેરાસર કમીટીની અત્યંત આગ્રહભરી વિનંતિને માન આપીને ચાતુર્માસ પધારતાં ભવ્ય સામૈયા સહિત પધારતાં ઠેર ઠેર ગુંહૂલીઓ થયેલ. માંગલિક પ્રવચન બાદ એન. સૂર્યકાંત ચા વાળા તરફથી સંઘપૂજન થયેલ પ્રવેશના દિવસથી શેઠ ગીરધરલાલ પીતામ્બર પરિવાર તરફથી સળંગ અઠ્ઠમ તપની આરાધના શરૂ કરાવેલ ને રૂા. ૧૧ શ્રીફળ-સાકરનો પડો આપીને તપસ્વીનું બહુમાન થાય છે.

ચાતુર્માસના મંગળ નિમિત્તે સલોત પોપટલાલ રતજીભાઈ તરફથી આયંબિલ કરાવેલ. પ્રભાવના થયેલ.

અ૦ સુ૦ ૧૪/૧૫ના શ્રી સિદ્ધગીરી ભગવતના છઠ્ઠ કરાવેલ સંખ્યા ૨૦૮ થયેલ. સંઘવી રસિકલાલ છોટાલાલ તરફથી પારણા થયેલ રૂા. ૪ની પ્રભાવના થયેલ.

અ૦ વ. ૬ના શેઠ રતીલાલ ચત્રભુજ હ. પુષ્પાબેન તરફથી ખાટી (નીવી) કરાવેલ ૩૫૦ જણાએ લાભ લીધેલ પ્રભાવના થયેલ વ્યાખ્યાનમાં શ્રી વર્ધમાનદેશના તથા ભાવનાધિકારે શ્રી શાંતિનાથચરિત્ર વાંચવાનું શરૂ કરેલ તેનો લાભ સલોત ચુનીલાલ રતીલાલે લીધેલ. સૂત્ર વાંચનના દિવસે શાંતિભાઇ (અમીરીપાનવાળા)એ સંઘપૂજન કરેલ. રોજ વ્યાખ્યાનમાં પ્રભાવના થાય છે. જનતા સારો લાભ લે છે દર રવિવારના વિવિધ પ્રકારની આરાધનાઓ થાય છ પૂ૦ આચાર્ય મ૦ વ્યાખ્યાન વાંચે છે. અ. વ. ૧૪ના રોજ પંચપરમેષ્ઠીના ૧૦૮ ઉપવાસ કરાવેલ, દરેકને પ્રભાવના થયેલ.

શ્રા. સુ. ૪-૫-૬ પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના સામુદાયિક અઠ્ઠમ તપની આરાધના, અખંડ જાપ, અતરવાયણા, પારણા સાથે રૂા. ૧૯ની પ્રભાવના થયેલ.

શ્રા. સુ. ૧૧ સામુદાયિક આયંબિલ તપ. શ્રા. સુ. ૧૩ સામુદાયિક ખીરના એકાસણા શ્રા. વ. ૪ સામુદાયિક દીપક વ્રતના એકાસણા આદિ વિવિધ તપશ્ચર્યાઓ થયેલ છે.

## લેખિત ઇનામો પરીક્ષા

જૈન ધર્મ અને દર્શનના કર્મ વિજ્ઞાનાદિ વિવિધ વિષયોના પ્રાથમિક જ્ઞાન અને અભ્યાસાર્થે શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર તરફથી "જૈન દર્શન" તથા "કર્મતણી ગતિ ન્યારી" પુસ્તિકાને આધારિત પરીક્ષાનું આયોજન તા. ૨૬ નવેમ્બર તથા ૨૭ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

ભારતભરમાંથી કોઈપણ ઉંમરના કોઇ ભાઈબહેન નાતજાતના ભેદભાવ વિના આ પરીક્ષા ફોર્મ તથા પુસ્તિકાઓ સંસ્થાની ઓફિસ શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર, ૩૮, વસંત વિલાસ બીજે માળે, ડો. ડી. ડી. સાઠે માર્ગ, મુંબઈ ૪ તેમજ શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય, ઘડીયાળી પોળ, મનો શેરી વડોદરા, તેમજ અન્ય સેંટરોમાંથી પ્રાપ્ત થઈ શકશે. આ પરીક્ષાઓ મુંબઇ, વલસાડ, સુરત, વડોદરા, અમદાવાદ, ખંભાત, ભાવનગર, પૂના વિગેરે સ્થળોએ લેવામાં આવશે. પરીક્ષામાં ભાગ લેનાર દરેકને ઈનામો તેમજ પહેલા પાંચ આવનારને વિશિષ્ટ ઇનામો આપવામાં આવશે.

લિ. શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ટાઇટલ પેજ ૨ નું ચાલુ )

આચાર્યદેવ શ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂજ્યપાદ ગુરૂદેવ મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજના શિષ્ય પૂ૦ મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ તેમના શિષ્ય પૂ૦ મુનિશ્રી દેવભદ્રવિજયજી મહારાજ પૂ૦ મુનિશ્રી ધર્મચંદ્રવિજયજી મહારાજ વિનયંધરવિજયજી મહારાજ તથા મુનિશ્રી બાહુવિજયજી મહારાજ આ વર્ષે ( વિક્રમ સંવત ૨૦૩૯ ) અહિં ચાતુર્માસ માટે પધારેલા છે.

તેમજ શ્રી ગિરનારતીર્થોદ્ધારક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂજ્યપાદ તપસ્વી આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય મંગલપ્રભસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિની પૂ૦ સાધ્વીજી શ્રી લાભશ્રીજી મહારાજના શિષ્યા પૂ૦ સાધ્વીજી શ્રી મનોહરશ્રીજી મહારાજ તથા પૂ૦ સાધ્વીજી શ્રી સૂર્યપ્રભાશ્રીજી મહારાજ પણ અહિં ચાતુર્માસ માટે પધારેલા છે.

પરમકૃપાળુ પરમાત્મા શ્રી શાંતિનાથ ભગવાનની પરમકૃપાથી નાનકડા ૧૦ ઘરના સંઘમાં પણ શ્રી પર્યુષણાપર્વની આરાધનારૂપે આ વર્ષે ૧૭ માસક્ષમણ, એક પચીસ ઉપવાસ, એક એકવીસ ઉપવાસ, ૩૨ સોળભત્તા તથા ૪૨ અઠ્ઠાઇ આદિ તપશ્ચર્યા થયેલી છે.

રજી. નં. 273285

# જૈન એસોશિએશન ઓફ યુનાઇટેડ કીંગડમ

તંત્રીશ્રી,

શ્રી જૈન આત્માનંદ પ્રકાશ, શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

સાહેબ,

આપને જણાવવા ઇચ્છીએ છીએ તેમજ વિનંતી કરીએ છીએ કે, આપના માસિકમાં નીચેની વિગત છાપશો.

લંડનમાં વસતા અમે–જૈનો, વિશ્વના અન્ય જૈન મંડળોના સહકાર દ્વારા **૧૯૮૩ની પહેલી અને બીજી** ઓકટોબરના રોજ, **લંડનમાં** આંતરરાષ્ટ્રીય જૈન કોન્ફરન્સ ભરીયે છીએ.

આ કોન્ફરન્સનો શુભ હેતુ—જૈન જ્ઞાતિઓ માટે સમાન વ્યાસપીઠ સર્જી અને લંડનમાં 'જૈનોલોજી સંસ્થા' સ્થાપી જૈન ધર્મને વ્યાપક બનાવવાનો છે.

આ સંસ્થા જૈનધર્મનું જ્ઞાન અન્યને શિખવશે, તેનું પ્રસારણ કરશે અને વિકાસ સાધશે. તેમજ જૈનધર્મના જૂના ભાષાંતર કરવાનું કાર્ય સંભાળશે. ઉપરાંતમાં જૈન સિવાયના અન્ય લોકોમાં જૈન ફીલસુફીની સમજણ આપવાનું કાર્ય હાથ ધરશે. ધાર્મિક શિલા ઉપર સ્થાપિત શૈક્ષણિક કાર્યક્રમો યુવા–જનતા માટે રજુ કરશે જેવાં કે સાહિત્ય વિષયક વિનિમય, શિબિર, સેમિનાર. વિ.

આ કાર્યમાં જે કોઈ વ્યક્તિઓને રસ હોય અને કોન્ફરન્સમાં હાજર રહેવા ઇચ્છતા હોય તેમણે સુવિધાની લભ્યતા ખાસ મળી રહેતા હોય તેવાએ તુરતજ મને જાણ કરવી.

આ કોન્ફરન્સનું અમૂલ્ય પાસું— 'જૈન પુસ્તક પ્રદર્શન' છે. તમામ પ્રસિદ્ધ કરનારાઓ તેમના પ્રસિદ્ધ અને છપાયેલાં પુસ્તકો મધ્ય સપ્ટેમ્બર આસપાસ મળી રહે તેમ મોકલે.

જય જિનેન્દ્ર

લી. ડો. સુરેન્દ્ર કે. ધારશીવાલા
પ્રમુખ જૈન એસોશિએશન ઓફ
યુનાઇટેડ કીંગડમ સુવિધા સમિતિ

688, Romoford Road
London E 125 A
Phone : 01-4782416

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહ: | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ:૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકું બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ



તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.


For Private And Personal Use Only